# વૈદિક યુગની રાજયવ્યવસ્થા

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રસ્તાવના.

- ભારતીય ઈતિહાસમાં વૈદિક યુગ અત્યંત મહત્વનો અને યુગપ્રવર્તક હતો. વૈદિક યુગને ઋગ્વૈદિક યુગ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ યુગ દરમિયાન વેદોની રચના થઈ હોવાનું મનાય છે, આથી આ યુગનું નામ વેદ પરથી વૈદિક યુગ તથા પ્રથમ વેદ ઋગ્વેદ હોવાથી તેના પરથી ઋગ્વૈદિક યુગનું નામ અસ્તિત્વમાં આવ્યું.
- વૈદિક યુગની સંસ્કૃતિને આર્ય સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આર્ય લોકોની સંસ્કૃતિ રાજકીય, આર્થિક, સામાજિક તથા ધાર્મિક રીતે ઘણી સમૃધ્ધ સંસ્કૃતિ છે.

# વૈદિક યુગની રાજ્યવ્યવસ્થાની લાક્ષણિકતાઓ.

1. રાજા અને રાજકીય સંગઠન.
2. રાજાના પદાધિકારીઓ
3. ન્યાય પ્રશાસન
4. વેદકાલીન મુખ્યજનો (રાજ્યો)
5. વિદથ
6. સભા
7. સમિતિ
8. ગણ
9. પરિષદ

# રાજા અને રાજકીય સંગઠન

- વૈદિક યુગના વહીવટી તંત્રમાં સૌથી ઉપરના સ્થાને રાજા હતો. રાજાને જનસ્યગોપા એટલે કે જનનો પ્રમુખ પણ કહેવામા આવતો. રાજાનું પદ વંશ પરંપરાગત હતું. અહીંથીજ રાજાના રાજ્યાભિષેકની પ્રથા અસ્તિત્વમાં આવી હતી.
- રાજા પર નિયંત્રણનું કાર્ય બે સંસ્થાઓ “સભા” અને “સમિતિ” કરતી હતી.
- ઋગ્વેદ પ્રમાણે સૌથી પ્રાચીન સંસ્થા “વિદત” હતી, અને “ગણ” નામની સંસ્થા પણ હતી.
- ઋગ્વેદમાં બલી નામના એક “કર” નો ઉલ્લેખ મળે છે. જે પ્રજા દ્વારા સ્વેચ્છાએ રાજાને આપવામાં આવતો કર હતો

# રાજાના પદાધિકારીઓ

- પુરોહિત;
- સેનાની (સેનાનો વડો)
- ગ્રામીણિ (ગામનો વડો)
- સુત (રથ ચલાવનાર)
- રથકાર (રથ બનાવનાર)
- કર્મરા (કારીગર)

# ન્યાય પ્રશાસન.

- ન્યાય પ્રશાસનનો વડો રાજા હતો. રાજા મુખ્યત્વે પુરોહિતની મદદથી ન્યાય કરતો હતો. ઋગ્વેદમાં 100 ગાયોના રૂપમાં અપાયેલ દંડનો ઉલલખ જોવા મળે છે.
- અપરાધીઓને પકડવા માટે “ઉગ્ર- પોલીસકર્મી નો પણ ઉલલખ જોવા મળે છે.

# વેદકાલીન મુખ્યજનો (રાજ્યો).

- ભરત: જે સરસ્વતી અને યમુના નદીની વચ્ચે વસેલું રાજ્ય.
- ત્રિત્સુ: આ રાજ્ય રાવી નદીની પૂર્વમાં વસેલું હતું.
- કુરુ: સરસ્વતી નદીના બંને કિનારે વસેલું હતું.
- યદુ અને તુર્વસુ: દક્ષિણી પંજાબમાં વસેલા જોડિયા રાજ્યો હતા.
- ગાંધારી: ભારતના ઉત્તરી-પશ્ચિમ ક્ષેત્રનું રાજ્ય.
- મત્સ્ય અને ચેદી: દક્ષિણ પંજાબ અને રાજસ્થાનના રાજ્યો.
- શ્રૃંજય: ઉત્તર-પશ્ચિમ પંજાબી, ઈરાની મૂળનુંરાજ્ય.
- પખ્ત: હેરોડોટ્સ દ્વારા ઉલ્લેખિત "પેકટાઈસ" રાજ્ય.
- વૈકર્ણ: ઉત્તર ભારત (કાશ્મીર)નું એક રાજ્ય.
- કિવી: સિંધુ અને અસ્કિની નદીના કિનારે વસેલું રાજ્ય.
- શિબિ: જેલમ અને ચિનાબ નદી પાસે વસેલું રાજ્ય.
- અલિન અને ભલાનસ: સિંધુ નદીની પશ્ચિમમાં છેક કાબુલ સુધી વસેલું રાજ્ય.

# વિદથ.

- આ ઋગ્વેદ કાલીન સૌથી મહત્વપૂર્ણ સંસ્થા હતી.
- આ સંસ્થાનો ઉલ્લેખ 122 વાર થયેલો છે. આ સંસ્થા સામાજિક, ધાર્મિક, સૈન્ય ઉદ્દેશ્ય માટે કાર્ય કરતી હતી.
- આ સભા આર્યોની સૌથી પ્રાચીન સભા હતી. આમાં પુરુષો અને સ્ત્રીઓ બંને ભાગ લેતા હતા.
- વિદથ માંજ ઊપજનું વિતરણ થતું હતું. વિદથ ગણના સૈનિકો તથા યુદ્ધ સંબંધિત ચર્ચાઓ ગોઠવતી હતી.

# સભા.

- સભાનો ઉલ્લેખ ઋગ્વેદમાં 8 વાર થયેલો છે. સભા એ રાજયમાં વરિષ્ઠ નાગરિકો, વડીલો, ઉમરાવોની સભા હતી.
- સભાના સભ્યોને સભાસદ કે સભાસીન કહેવામા આવતા હતા.
- સભા મુખ્યત્વે રાજકીય બાબતો, ન્યાયિક બાબતો, સામાજિક સમસ્યાઓ અને અનુશાસન સંબંધિત બાબતો પર ચર્ચા કરતી હતી.
- સભા એ હાલની રાજ્યસભાની જેમ ગણાતી.

# સમિતિ.

- ઋગ્વેદમાં સમિતિનો ઉલ્લેખ 9 વાર થયેલો છે.
- સમિતિ એ સભા કરતાં વધારે મહત્વપૂર્ણ સંસ્થા હતી.
- આ સંસ્થામાં સામાન્ય નાગરિકની અભિવ્યક્તિ વ્યક્ત થતી હતી.
- રાજાની પસંદગી કે નિયુક્તિમાં સમિતિ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવતી હતી.
- આ સમિતિ હાલની લોકસભા જેવી ગણાતી.

# ગણ.

- ગણ એક ઋગ્વેદકાલીન જનસભા હતી. જેમાં કુલિન લોકો સામેલ હતા.
- તેના અધ્યક્ષને ગણપતિ કહેવામા આવતો હતો.

# પરિષદ.

- શરૂઆતમાં પરિષદ એ એક જનજાતિય સૈન્યસભા તરીકે જાણીતી હતી, જે આંશિક રીતે માતૃસત્તાત્મક અને આંશિક રીતે પિતૃસત્તાત્મક હતી.
- આનું સ્વરૂપ શૈક્ષણિક સંસ્થા જેવુ બની ગયું હતું. જેમાં પુરોહિતોનું વર્ચસ્વ હતું. જે શિક્ષણ અને સલાહનું કાર્ય કરતી હતી.